ક્રમાંક:મઉમશબ/ GSOS/12 /૫૯૪૫/૬૩૦૦
ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ
c/o ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર–10 બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૮/૬/૨૦૧૨

# પ રિ પ ત્ર

**વિષય :–** ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ માન્ય સ્ટડી સેન્ટરો મારફત ઉપસ્થિત થનાર ધો.10 અને ધો.12 ના ખાનગી ઉમેદવારો અંગે જુદા જુદા મુદ્દાઓ અન્વયે માર્ગદર્શન.

ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના માન્ય સ્ટડી સેન્ટરો મારફત ધો.10 અને ધો.12 ની પરીક્ષા માટે મોટી સંખ્યામાં આવેદનપત્રો ભરાયેલ હતા. પરીક્ષા આવેદનપત્રો ભરવા બાબતે આ કચેરી ખાતે જુદા જુદા મુદ્દાઓ અન્વયે મૌખિક/ ટેલીફોનીક માર્ગદર્શન માંગવામાં આવે છે. તેથી GSOS મારફત ધો.10 અને ધો. 12 ના આવેદનપત્રો સ્વીકારવા માટે કોઈ ગેરસમજ ન થાય તે માટે ITI, NIOS વિ. પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારોના પ્રશ્નો અંગેનું નિરાકરણ આ સાથે સામેલ રાખેલ પત્રકમાં જણાવેલ છે. જેનો અભ્યાસ કરી, ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન આપશો. આ બાબત અન્વયે આ કચેરી ખાતે બિન જરૂરી પૃચ્છા ટાળશો.

**સચિવ**
**ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ,**
**ગાંધીનગર**

પ્રતિ,
GSOS **માન્ય તમામ સ્ટડી સેન્ટરો**

**નકલ સવિનય રવાના :**
૧. મા. અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ, ગાંધીનગર.
૨. મા.ના. અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ, ગાંધીનગર.

**નકલ રવાના :**
૧. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, પરીક્ષા વિભાગ,વડોદરા.
૨. પરીક્ષા સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર / વડોદરા.
૩. કન્ટ્રોલર ઓફ એકાઉન્ટસ એન્ડ સ્ટોર્સ, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુ.રા.
૪. GSOS ના તમામ નોડલ અધિકારીશ્રી, ગુ.રા.,c/o જિ.શિ. કચેરી.

જા.નં. ... ૨૦૧૯ ... 

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા સેવાસદન ૨, 'બી' વીંગ ...

અઠવાલાઈન્સ ચોપાટીની બાજુમાં

સુરત તા 30/5/2019

નકલ રવાના

જાણ સારૂ

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ મા. અને ઉ.મા. શાળાઓના

GSOS મારફત આવેદનપત્ર ભરનાર વિદ્યાર્થીઓના પ્રવેશ / પરીક્ષા ફી વિ. મુદ્દાઓના ઉત્તરો દર્શાવતુ પત્રક.

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૧ | NIOS મારફત ધો.10 પાસ કરેલ વિદ્યાર્થી ધો. 11 માં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી શકે કે કેમ ? | હા |
| ૨ | GSOS મારફત ધો.10 પાસ કરેલ વિદ્યાર્થી ધો. 11 માં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી શકે કે કેમ ? | હા |
| ૩ | NIOS મારફત ધો.10 પાસ કરેલ વિદ્યાર્થી GSOS મારફત ધો. 12 ની પરીક્ષા ક્યારે આપી શકે ? | ધો.10 પાસ કરેલ હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્ય. પ્રમાણપત્ર પરીક્ષાના વર્ષ દરમિયાન બે વર્ષનો સમયગાળો થતો હોવો જોઈએ.(દા.ત. જુલાઈ–2009 કે તે પહેલા ધો.10 પાસ થયેલ હોય તેવો ઉમેદવાર માર્ચ–2011 ની ધો.12 સા.પ્ર. માં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપી શકશે. |
| ૪ | ITI વિદ્યાર્થી ધો.10 ની માધ્ય. શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા આપી સમકક્ષતાનું પ્રમાણપત્ર મેળવે તો તેમને પરીક્ષા પાસ કર્યા તારીખથી કે પ્રમાણપત્ર મેળવ્યા તારીખથી બે વર્ષ ગણી ધો.12 માં GSOS મારફત પરીક્ષામાં બેસવા દેવા ? | ----- ઉપર મુજબ --- |
| ૫ | ધો. 8 પછી ITI નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય તે માટેની NCVT અથવા GCVT પરીક્ષા પાસ કરેલ હોય તેવો વિદ્યાર્થી ગુજરાતી તેમજ અંગ્રેજી વિષની પરીક્ષા ક્યાંથી આપી શકે ? | આવો વિદ્યાર્થી GSOS મારફત નહિ પરંતુ ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ મારફત પૃથ્થક ઉમેદવાર તરીકે ધો. 10 ની ગુજરાતી અને અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે અને ધો. 10 સમકક્ષતાનું પ્રમાણપત્ર બોર્ડ આપશે. |
| ૬ | ધો. 10 પછી ITI નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્ષ કરેલ હોય તે માટેની NCVT અથવા GCVT પરીક્ષા પાસ કરેલ હોય તેવો વિદ્યાર્થી અંગ્રેજી વિષની પરીક્ષા ક્યાંથી આપી શકે ? | આવો વિદ્યાર્થી GSOS મારફત નહિ પરંતુ ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ મારફત પૃથ્થક ઉમેદવાર તરીકે ધો. 12 ની અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકશે અને ધો. 12 સમકક્ષતાનું પ્રમાણપત્ર બોર્ડ આપશે. |
| ૭ | GSOS મારફત જે વિદ્યાર્થીએ પરીક્ષા આપેલ હોય અને ધો. 10 માં બે વિષયમાં નાપાસ થયેલ હોય અને ધો. 12 માં એક વિષયમાં નાપાસ થયેલ હોય તેની ફરીથી પરીક્ષા આપવાની જોગવાઈ શી છે ? | GSOS મારફત જે વિદ્યાર્થીએ ધો. 10 ની પરીક્ષા માર્ચ માસમાં આપેલ હોય અને તે બે વિષયમાં નાપાસ થાય તો પૂરક પરીક્ષામાં બેસી શકશે. તેમજ ધો. 12 ની પરીક્ષા માર્ચ માસમાં આપેલ હોય અને એક વિષયમાં નાપાસ થાય તો પૂરક પરીક્ષામાં બેસી શકશે. આ માટે વિદ્યાર્થીએ જે શાળામાંથી ફોર્મ ભરેલ હોય તે જ શાળામાંથી પૂરક પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે. આ માટે ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા જે પરીક્ષા ફી નિયત કરવામાં આવેલ હશે તે ભરવાની રહેશે. |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૮ | GSOS મારફત જે વિદ્યાર્થીઓ ધો.10 કે ધો. 12 સા.પ્ર. ની પરીક્ષા આપતા હોય તેમના વૈકલ્પિક વિષયની પરીક્ષા લેવાની શી જોગવાઈ છે ? | GSOS ના માન્ય કેન્દ્ર મારફત ધો. 10 કે ધો. 12 ની પરીક્ષા માટે આવેદનપત્ર ભરેલ હોય તે શાળાએ વૈકલ્પિક વિષયની પરીક્ષા લેવાની રહેશે. આ પરીક્ષા માટે કેન્દ્ર નિયમોનુસારની ફી લઈ શકશે. આ પરીક્ષાના માર્કસ ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ ધ્વારા ઠરાવેલ સમય મર્યાદામાં વડોદરા / ગાંધીનગરની કચેરીએ મોકલી આપવાના રહેશે. |
| ૯ | GSOS મારફત ધો. 10 અને ધો.12 માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ટ્રાયલ સર્ટી. આપવાની શી જોગવાઈ છે? | GSOS મારફત જે વિદ્યાર્થી ધો. 10 કે ધો. 12 માં ઉત્તીર્ણ થાય તેને શાળાએ નીચે જણાવેલ નમૂનામાં GSOS નાસ્ટડી સેન્ટરના આચાર્યશ્રીએ શાળાના લેટર પેડ ઉપર પ્રમાણપત્ર આપવાનું રહેશે. |

## પ્ર મા ણ પ ત્ર

આથી પ્રમાણપત્ર આપવામાંઆવે છે કે શ્રી/શ્રીમતી/કુ. ....................

................................ એ GS0S ના (શાળાનું નામ અને નંબર) ................................................................ સ્ટડી સેન્ટર પરથી માર્ચ / જુલાઈ–૨૦૧.. માં ધોરણ. ૧૦ / ૧૨ (સામાન્ય પ્રવાહ) ની પરીક્ષા ............... પ્રયત્ને પાસ કરેલ છે. તેઓનો બેઠક નંબર ............................ છે. રેકર્ડ પરથી ખરાઈ કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

રાઉન્ડ સીલ

સ્ટડી સેન્ટરનો સિકકો